અપીલ અરજી નં.૨૪૪ તા .૭–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ઘાંચી અનવર એ.
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી ઘાંચી અનવર એ. ની તા.૨૫–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)ઉન મેઈન રોડ,પોલીસ ચોકી, ઉન–ખરવાસની બાજુમાં આશરે ૧૩(તેર) જેટલી શટલવાળી દુકાનોના બાંધકામ થયેલ છે વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૪૪/૨૦૧૧–૧૨

શ્રી ઘાંચી અનવર એ. ની તા.૨૫–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ઉન મેઈન રોડ,પોલીસ ચોકી, ઉન–ખરવાસાની બાજુમાં આશરે ૧૩(તેર) જેટલી શટલવાળી દુકાનોના બાંધકામ થયેલ છે વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં સા.ઝોન/ટેક/૩૦૬ તા. ૧૮–૮–૧૧થી અને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(હાઉસીંગ)ના પત્ર નં. પી.પી.જી/ આઉટ વર્ડ/નં.૨૬૬ તા. ૩–૯–૧૧થી મળેલ માહિતી અધુરી અને ખોટી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા પ્રત્યુત્તરની તારીખે મુદ્દા નં.(૨)નું કામ પ્રગતિમાં હોવાના આધાર , પ્રગતિ રીપોર્ટ , ફાઈલ પરથી હોય તો મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૬૫ તા.૧૨–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) તથા અરજદારને અપીલ અરજીમાં તમોએ લોકોની રજુઆત તેવું જણાવેલ છે. તેમના દાવા અંગે કોઈ આધાર પુરાવા હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી હાઉસીંગ ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૨૯૩ તા.૧૭–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.પીપીજી/આ.નં.૨૯૨ તા.૧૭–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૫–૭–૧૧ ની મુળ અરજીથી ઉન પોલીસચોકી ખરવાસા ખાતેની ૧૩ દુકનોના બાધકામ તેમજ ઉન ગામના તળાવના વિકાસ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાંઅ વેલ. ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૩ અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૩૦૩ તા.૧૮–૮–૧૧ થી સમય અવધિ બાદ સ્પે. પ્રોજેકટ ઓફિસર હાઉસીંગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ થી ૨ અંગે નિયત સમય અવધિમાં પત્ર નં.સા.ઝોન/ટેક./૩૦૬ તા.૧૮–૮–૧૧ થી માહિતી આપવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૨૬૬ તા.૩–૯–૧૧ થી મુદ્દા નં.૩ અંગે માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી હાઉસીંગને પક્ષકાર બનાવી પીપીજી/આ.નં.૨૬૬ તા.૩–૯–૧૧ થી આપેલી માહિતી અધૂરી અને ખોટી હોવાનું જણાવી તા.૭–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે તળાવનું કામ પ્રગતિ હેઠળ છે જે આશરે ત્રણેક માસથી વિકાસ કામ બંધ છે તેવું સ્થાનિક લોકોની રજૂઆત છે. તેથી માહિતી ખોટી અને અધૂરી હોવાની રજૂઆત કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં. (૧) ઉન મેઈન રોડ,પોલીસ ચોકી, ઉન–ખરવાસાની બાજુમાં આશરે ૧૩(તેર) જેટલી શટલવાળી દુકાનોના બાંધકામ થયેલ છે. મુદ્દા નં.(૨) પોલીસ ચોકીની સામેના ભાગમાં ચાર રસ્તા પર ઉત્તર દિશામાં તથા દક્ષિણ દિશામાં મસ્જિદની બાજુમાં ભવ્ય ઈમારતનું કામ ચાલે છે જેની સંપૂર્ણ કાયદેસરતા આપેલ પરવાનગી અથવા કરવામાં આવેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી તથા તાજેતરમાં આ વિસ્તારમાં મેઘા ડીમોલીશન થયેલ હતું જે સંદર્ભે હમણા ચાલુ તમામ બાંધકામોની ક્ષેત્રફળ સહિતની માહિતી આપવી. તેવા મુદ્દા નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૦૬ તા.૧૮–૮–૧૧ થી ઉન મેઈન રોડ પોલીસ ચોકી ઉન–ખરવાસાની બાજુમાં શટર્સવાળી દુકાનોના બાંધકામ તથા પોલીસ ચોકીની સામેના ભાગમાં ચાર રસ્તા પર ઉત્તર તથા દક્ષિણ દિશામાં મસ્જીદની બાજુમાં ઈમારતના કામની કોઈ પરવાનગી આપવામાં આવેલ

ન હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં જણાય છે. તેમજ તાજેતરમાં આ વિસ્તારમાં મેગા ડીમોલીશન થયેલ હતું જે સંદર્ભે હમણા ચાલુ બાધકામોની ક્ષેત્રફળ સહિતની વિગતો ઉપલબ્ધ રેકર્ડ પર ન હોય, આપી શકાય તેમ નથી. વધુમાં આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઉન ગામનું મુખ્ય તળાવ ના વિકાસ માટે ભુતકાળમાં કે તાજેતરમાં કોઈ યોજના અથવા કોઈ રજૂઆત થયેલ હોય તે સંદર્ભે થયેલ કાર્યવાહી અથવા યોજનાઓ જાહેર કરવામાં આવેલ હોય તો તેની અંદાજિત ખર્ચ તેમજ અન્ય વિગતવાર માહિતી આપવી. સમગ્ર સુરત શહેરના અન્ય ગામ તળવોનું વિકાસ પુર જોશમાં થઈ રહયું છે ત્યારે ઉન ગામ તળાવનો વિકાસ કયારે હાથ ધરવામાં આવનાર છે જેની યોજનાબંધ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ ગાર્ડન તરફથી પીપીજી/આ.નં.૨૬૬ તા.૩–૯–૧૧ થી રીવાઈવલ ઓફ વોટર બોડીઝ એન્ડ એન્હેન્સમેન્ટ ઓફ અર્બન લેન્ડ સ્કેપ પ્રોજેકટ અંતર્ગત મોજે ઉપર ગામમાં રે.સ. નં.૩૩૯ ખાતે આવેલ ઉન તળાવના વિકાસના પ્રથમ તબકકાના કામે રૂપિયા ૩૯,૭૯,૦૦૦/– પૈ.ના નેટ અંદાજ તથા રૂપિયા ૪૨,૬૨,૦૦૦/–પૈ.ના ગ્રોસ અંદાજ માસિક સાધારણ સભાના ઠરાવ નં.૭૩૧/૨૦૦૯ તા.૩૦–૧૦–૦૯ થી મંજુર કરવામાં આવેલ. ઉન ગામ તળાવના વિકાસના પ્રથમ તબકકાના કામે અંદાજિત રકમ રૂા.૩૯,૮૭,૧૦૨.૮૪ પૈ. થી ૧.૧૯% નીચુ એટલે કે રૂા.૩૯,૩૯,૬૫૬.૨૯ પૈ. નું ઈજારદારશ્રી એ.એલ. પટેલનું બિનશરતી ટેન્ડર સ્થા. સમિતિના ઠરાવ નં.૪૭૫/ ૧૦ તા. તા.૨૬–૩–૧૦ થી મંજુર કરવામાં આવેલ તથા ઈજારાદારને તેમના પત્ર નં.પીપીજી/આ.નં.૦૬ તા.૨૬–૪–૧૦ થી કામનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. તથા હાલમાં તળાવની ફરતે કમ્પાઉન્ડવોલનું કામ પ્રગતિમાં છે. તેવું જણાવેલ છે. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં જાહેર માહિતી અધિકારી હાઉસીંગ ગાર્ડન તરફથી મળેલી માહિતી કામ પ્રગતિ હેઠળ છે તે અધૂરી અને ખોટી હોવાનું જણાવી ત્રણેક માસથી વિકાસ કામ બંધ છે તેવી સ્થાનિક લોકોની રજૂઆત હોવાની રજૂઆત કરેલ પરંતુ અપીલ તબકકે અરજદારને તેવા દાવા અંગે આધાર પુરાવા રજૂ કરવા જણાવતા તેઓ તરફથી અપીલ તબકકે કોઈ રજૂઆત થયેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી તેમને પીપીજી/અ.નં.૨૯૨ તા.૧૭–૯–૧૧ થી તે બાબતે સ્પષ્ટતાસહ અરજદારને પૂરક પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં આ બાબતે કોઈ ખોટી માહિતી આપવામાં આવી નથી. પરંતુ " ઉન તળાવનો વિકાસ કયારે હાથ ધરવામાં આવશે" તે બાબતની તેઓશ્રીએ માંગેલ માહિતીના સંદર્ભમાં ઉન તળવાનો વિકાસ હાથ ધરવામાં આવેલ છે અને તે અંતર્ગત સ્થર પર કમ્પાઉન્ડવોલનું કામ પ્રગતિમાં છે તેમ જણાવવામાં આવેલ છે. હાલમાં ચોમાસાની સીઝનને કારણે કામ બંધ છે જે ચોમાસાની સીઝન બાદ ફરીથી શરૂ કરવામાં આવશે. આ બાબતની નોંધ લાગત દફતરે કરવામાં આવેલ છે અને તેઓ ઈચ્છુક હોય તો હાઉસીંગ ગાર્ડન કચેરીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં નિયત તપાસણી ફી ભરી તપાસણી કરી શકો છો. તેવું અરજદારને જણાવેલ. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૫–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઘાંચી અનવર એ.